બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧)

નોંધ :-(૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''જે ખરા પરમાત્માના આશ્રિત હોય છે, તે કોઈથી ડરતા પણ નથી'' (૨૦/૩૭) ➯ નીલકંઠવર્ણી - પિબૈકને
➯ હનુમાનજીનો માર ખાઈને બેભાન થયેલો પિબૈક જ્યારે જાગ્યો ત્યારે તેને પોતાની ભૂલ સમજાતાં નીલકંઠવર્ણીની માફી માગે છે ત્યારે

૨. ''એમાં તો જીવ છે તે અમે નહિ તોડીએ.'' (૨૭/૪૯) ➯ નીલકંઠવર્ણી - બાવાને
➯ જગન્નાથપુરીમાં ઇંદ્રદ્યુમ્ન સરોવરના કાંઠે ધ્યાનસ્થ નીલકંઠવર્ણીને બાવાએ ભાજી તોડવાનું કહ્યું ત્યારે.

૩. ''તેમને કહો કે આ ફળ ન ખાય.'' (૧૫/૨૮) ➯ નીલકંઠવર્ણી - મોહનદાસને
➯ અઘોર વનમાં નીલકંઠવર્ણીને કેરી જેવડાં મોટાં જાંબુડિયા રંગના ફળો જમતાં જોઈને ખાખી બાવાઓને પણ ખાવાનું મન થયું અને તેઓ તે ફળ તોડવા લાગ્યા ત્યારે

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. નીલકંઠવર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો. (૯/૧૬)
જ. નીલકંઠવર્ણીના મનમાં સહેજે થયેલા સંકલ્પથી અગ્નિદેવે બાંસી શહેર ચેતાવી દીધું. તરત જ નીલકંઠવર્ણીએ વૃત્તિ પાછી વાળી વિચાર આવ્યો કે ક્ષમાવાન સાધુની આ રીત નથી અને નદીમાં કૂદી આગ ઓલવીને સંકલ્પ કરી, પોતાની વાણીને શાપ આપ્યો.

૨. નીલકંઠવર્ણીએ શ્રીપુરની મહંતાઈનો ત્યાગ કર્યો. (૬/૧૨)
જ. નીલકંઠવર્ણીને મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા ન હતી. તેમને તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું હતું. સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું હતું.

૩. હાટકેશ્વર મહાદેવની જગ્યામાં નાગર બ્રાહ્મણ અચરજ પામી ગયો. (૪૨/૮૨)
જ. હાટકેશ્વર મહાદેવની જગ્યામાં નાગર બ્રાહ્મણે એકી સાથે દસ પ્રશ્નો નીલકંઠવર્ણીને પૂછ્યા. નીલકંઠવર્ણીએ દસે દસ પ્રશ્નોના જવાબ બે જ વાક્યમાં આપી દેતાં નાગર બ્રાહ્મણ અચરજ પામી ગયો

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. લખુ ચારણને ત્યાં નીલકંઠ** (૪૦/૭૭) લોઢવામાં લખુબાઈ ચારણ નામની ભક્ત સમાધિનિષ્ઠ અને નિરાવરણ દૃષ્ટિવાળી હતી. સો ગાઉ દૂરની વસ્તુ દેખતી અને સાંભળતી. દીવાલની આરપાર નીકળી જતી. કલાકો સુધી ધ્યાનમાં ને સમાધિમાં બેસતી. તે આત્માનંદ સ્વામીની શિષ્યા હતી. તેમની સાથે વિઠ્ઠલાનંદ અને બાલાનંદ નામના બે બ્રહ્મચારીઓ રહેતા હતા. લખુને ત્યાં ભેંસોનું ખાંડું, તેથી દૂધ-દહીંની રેલમછેલ. ગામમાં આવતાં દરેક સાધુ- સંતને સદાવ્રત આપતી. દરેકની પરીક્ષા પણ કરી લેતી. તેને નીલકંઠવર્ણી સનકાદિક જેવા લાગ્યા. તેથી આગ્રહ કરીને ત્રણ માસ પોતાને ત્યાં રાખ્યા. રોજ સવાર-સાંજ નીલકંઠવર્ણીને તાજું દૂધને માખણ-મીસરી આપતી. એક દિવસ નીલકંઠવર્ણીએ લખુબાઈને પૂછ્યું : 'ડોશીમા, તમે ભક્તિદીક્ષા કોની પાસે લીધી ?' ત્યારે લખુબાઈએ કહ્યું 'અમારા ગુરુ આત્માનંદ સ્વામી. ગિરનાર પાસે ત્રંબા ગામમાં આત્માનંદ સ્વામીનું સ્થાન. તેઓ વચનસિદ્ધ અને ખરા સદ્‌ગુરુ. સાક્ષાત્ જીવનમુક્ત. તેઓ અદ્વૈતના ઉપાસી એટલે 'બ્રહ્મ નિરાકાર છે' એમ ઉપદેશ આપે. અમે સૌ ભગવાનને નિરાકાર માનીએ. અમારા ગામમાં આત્માનંદ સ્વામીએ ઘણા ચમત્કાર કરેલા. આ વિઠ્ઠલાનંદ અને બાલાનંદને તેમણે દીક્ષા આપેલી. તેમની આજ્ઞાથી તેઓ મારે ઘેર રહે છે. અમે તો તેમને ઈશ્વર જેવા ગણીએ છીએ. **('રામાનંદ સ્વામીની વાત' લખેલી હોય તો તે બીજા પાઠમાં આવતી હોવાથી તેના ગુણ ન આપવા.)**

૨. **નીલકંઠનો પુનઃમેળાપ (૨૬/૪૭)** જયરામદાસના ગામમાંથી નીકળી નીલકંઠવર્ણી જગન્નાથપુરીની દિશામાં જતા હતા. વીસ દિવસના રઝળપાટ પછી જયરામદાસને નીલકંઠવર્ણી દેખાતા 'ઓ નીલકંઠવર્ણી ..... ' બૂમો મારતો નીલકંઠવર્ણીની પાસે આવી તેમના ચરણોમાં પડી વિનંતી કરવા લાગ્યો. 'કૃપાળુ, અમારી ભૂલ માફ કરો. મારે ઘરે પાછા ચાલો. મારાં મા-બાપ કલ્પાંત કરે છે. તેમને ખાવાપીવાનું ભાવતું નથી. ગામ આખું ઉદાસ થઈ ગયું છે. મારી બહેનો અને કૃષ્ણ તંબોળી તો ગાંડા જેવાં થઈ ગયાં છે. હવે હું તમને નહિ મૂકું.' નીલકંઠવર્ણીએ તેને શાંત પાડી, ઘણો ઉપદેશ આપ્યો. શાંત પડેલો જયરામદાસ નીલકંઠવર્ણીની મરજી જોઈને જગન્નાથપુરીની યાત્રાએ તેમની સાથે ગયો. ઘોર વનમાં જયરામદાસને નીલકંઠવર્ણીના અનેક દિવ્ય અનુભવો થયા. નાવ દ્વારા ખાડી ઓળંગીને નીલકંઠવર્ણી ભૂવનેશ્વર ગયા. ત્યાં ત્રણ દિવસ ભૂવનેશ્વર મહાદેવનાં દર્શન કરી જનકપુર ગયા.

૩. **ધર્મનો ઉપદેશ (૨૨/૪૦થી૪૨)** કપિલાશ્રમમાં સાંખ્યમતના આચાર્ય કપિલમુનિએ વર્ષો સુધી તપ કર્યું હતું. ત્યાં નીલકંઠવર્ણીના કપિલમુનિએ મૂર્તિમંત બનીને આવકાર્યા. અહીં નીલકંઠવર્ણી છ-છ દિવસ સુધી ધ્યાનમાં અડગ બેઠા. તેથી દેવતાઓને થયું કે પૃથ્વી માતા પરના વ્યાપેલા અધર્મોને દૂર કરવાનો ધ્યેય વીસરી ગયા કે શું ? પૃથ્વી માતાએ પણ નીલકંઠવર્ણીનાં ચરણોમાં આળોટી વિનંતી કરી. ત્યારે નીલકંઠવર્ણીએ છ દિવસના અંતે ધ્યાન ત્યજીને પૃથ્વીને અભયવર આપી ત્યાંથી વિદાય લીધી. દક્ષિણ ભારતમાં એક ગામના રામજી મંદિરમાં નીલકંઠવર્ણીએ ઉતારો કર્યો. સંધ્યા આરતી પછી રામાયણની કથા શરૂ થઈ. સ્રી-પુરુષોએ ભેગા બેસી કથા સાંભળી. કથા પૂરી થઈ એટલે સ્ત્રીઓ બાવાઓને ચરણ સ્પર્શ કરવા આવી. નીલકંઠવર્ણી ઊભા થઈ ઓરડીમાં જતા રહ્યા. કેટલીક સ્ત્રીઓ બાવાના હાથ-પગ દબાવાની સેવા કરવા લાગી. નીલકંઠવર્ણીને આ ન ગમતાં બાવાઓને કહ્યું : રામાયણની કથા કરો છો અને ધર્મ કેમ પાળતા નથી ? સ્ત્રીઓને ઉપદેશ ન કરવો. ત્યાગી સાધુએ સ્ત્રી ધનનો ત્યાગ રાખવો જોઈએ. આથી બાવાઓ ગુસ્સે થઈને બોલ્યા : 'તું અમને ઉપદેશ કરનાર કોણ ? ભાગ અહીંથી નહીં તો તને મારી કાઢીશું. નીલકંઠવર્ણી અદૃશ્ય થઈ સામેના મકાનની ઓસરીમાં જઈને બેઠા. હનુમાનજી નીલકંઠવર્ણીની પાસે આવ્યા અને બાવાઓ અને તેમની ચેલકીઓને ધોકે ધોકે મારીને હાડકાં ખોખરા કરી નાખ્યા. ત્યારે બાવાઓએ પૂછ્યું : તમે કોણ છો? અમને વગર વાંકે શા માટે મારો છો ? અમારો શો વાંકગુનો છે ? ત્યારે હનુમાનજીએ કહ્યું : તમે નીલકંઠવર્ણીને અહીંથી શા માટે કાઢી મૂક્યા ? તેઓ સાક્ષાત્ ભગવાન છે. હું હનુમાનજી છું. પછી બાવાઓએ સ્ત્રીઓને કાઢી મૂકી. નીલકંઠવર્ણી પાસે જઈને માફી માગતાં કહે છે અમે આજથી સ્ત્રી-ધનનો સ્પર્શ નહિ કરીએ. સ્ત્રીઓને ઉપદેશ નહિ કરીએ. તમે કહેશો એમ કરીશું. પણ આ તમારા સેવકથી છોડાવો. નીલકંઠવર્ણીએ સૌને માફી આપી. હનુમાનજીને ઈશારો કરી વિદાય કર્યા. બે દિવસ મંદિરમાં રહી બાવાઓને નિયમ આપી ત્યાંથી ચાલી નીકળ્યા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. ઘાયલ લાખાએ હાથ જોડીને નીલકંઠવર્ણીને શું કહ્યું ? (૩૮/૭૨)

જ. આ કારમા દુકાળમાં અનાજના ફાંફાં પડવાથી લાચારીના માર્યા આ પાપનો ધંધો કરવો પડે છે.

૨. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ધર્મધુરા ક્યારે સોંપી ? (સંવત તથા તિથિ) (૫૫/૧૦૯)

જ. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ધર્મધુરા સંવત ૧૮૫૮ની કાર્તિક સુદ એકાદશીએ (પ્રબોધિની એકાદશી) સોંપી.

૩. રામાનંદ સ્વામી જ્યાં જ્યાં જાય ત્યાં શું વાત કરતા ? (૪૧/૮૦)

જ. 'હું તો નટના (ભગવાનના) આગમનની ડુગડુગી બજાવું છું, વેશના ભજવનાર ભગવાન સાક્ષાત્ તો હજી હવે આવશે.

૪. થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે શું ? (૪૮/૯૪)

જ. થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું.

૫. નીલકંઠવર્ણીના ડાબા ચરણારવિંદમાં ભગવાનદાસે કયાં ચિહ્નો જોયાં ? (૩૧/૬૦)

જ. નીલકંઠવર્ણીના ડાબા ચરણારવિંદમાં ભગવાનદાસે ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર ને વ્યોમ એમ સાત ચિહ્નો જોયાં.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૫૨/૧૦૪) **૨.** ૨, ૩ (૩૦/૫૫)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** રઘુનંદન (૩/૫) **૨.** નારાયણમુનિ (૫૪/૧૦૮) **૩.** ગોપાળયોગી (૧૭/૩૧) **૪.** રણબહાદુર સહા (૧૮/૩૨)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, અગિયારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''બેટા ! તમે કોની ભક્તિ કરો છો ?'' (૬/૩૯) ➪ એભલ ખાચર - જીવુબાને

➪ ઉઘાડી તલવારે જીવુબાને મારવા આવેલા એભલ ખાચરને ભગવાનનાં ચર્તુભુજરૂપે દર્શન થતાં એભલખાચર જીવુબાની માફી માગતાં કહે છે.

૨. ''અમને મોટા પુરુષ જાણતા હો તો ન જશો ને તમારું દુઃખ અમારી ગાદી તળે.'' (૮/૫૫) ➪ સ્વામીશ્રી - આશાભાઈને

➪ કેટલીક વ્યાવહારિક મુશ્કેલીને કારણે આશાભાઈએ છોટાઉદેપુરમાં ખેતી માટે જમીન રાખી હતી. સ્વામીશ્રીએ તેઓને ત્યાં જવાની ના પાડી છતાં આર્થિક ભીંસને કારણે આશાભાઈ છોટાઉદેપુર જવાની લાલચ રોકી ન શક્યા. તેથી સ્વામીશ્રી તેઓને આદેશ આપતાં કહે છે.

૩. ''તમારા ઉપર ભગવાન અને સાધુની દૃષ્ટિ અખંડ રહેશે.'' (૭/૪૬) ➪ ભગતજી - જેઠા ભગતને

➪ ભગતજીની અંતિમ માંદગીમાં જેઠા ભગતે ત્રેવીસ દિવસ તેમની અંગત સેવા કરી ભગતજીને પ્રસન્ન કર્યા. તેથી રાજી થયેલા ભગતજીએ વર આપતાં કહ્યું.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શુકમુનિએ સુખડીનું દાતણ કર્યું. (૩/૧૯)

જ. મહારાજ પાસે રાત્રે પત્ર લેખનની સેવા કરતા સવાર થઈ ગઈ. બધા સંતો ઘેલે નાહીને વહેલા પરવારી ગયા હતા. હવે પોતાની જોડમાં કોણ આવશે તેવી શુકમુનિની મુંઝવણ જોઈ મહારાજે તેમને સુખડી આપી કહ્યું આજે સુખડીનું દાતણ કરો.

૨. ઝીણાભાઈ ખુદાના આશક જીવ અને જિતેન્દ્રિય પુરુષ છે તેવી નવાબને પ્રતીતિ થઈ. (૪/૨૩)

જ. જૂનાગઢ નવાબની કચેરીમાં ગરાસદારોની કચેરીમાં દરબાર ઊભરાતો હતો. વિષયના જીવો નાચગાન અને સૂરાપાનની મહેફિલમાં મશગૂલ હતા ત્યારે ઝીણાભાઈ માથું સંતાડી દૃષ્ટિ ઢાળીને બેઠા હતા તે જોઈને નવાબને ઝીણાભાઈ ખુદાના આશક જીવ અને જિતેન્દ્રિય પુરુષ છે તેવી પ્રતીતિ થઈ

**પ્ર.૯** 'લાડુદાનજી બ્રહ્માનંદ બન્યા' (૧/૨-૪) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શિરોહી તાલુકાના ખાણ ગામના લાડુદાનજી ભાવનગર નરેશના કહેવાથી શ્રીજી મહારાજના ભગવાનપણાની પરીક્ષા કરવા ગઢપુર જવા નીકળ્યા. તેમણે મનમાં ચાર સંકલ્પો કર્યા અને તે જો પૂરા થાય તો તે ભગવાન છે તેમ મનાય. ગઢપુરની સીમમાં પગ મૂકતાં જ તેમને શાંતિનો અનુભવ થયો. અને દાદાખાચરના દરબારમાં લીમડાના વૃક્ષ નીચે બિરાજેલ શ્રીહરિએ તેમને નામ દઈને બોલાવીને પોતાની ડોકમાં પહેરેલ ગુલાબનો હાર પહેરાવી તેમને સત્કાર્યા. લાડુદાનજીનું પૂર્વ વૃતાંત કહી સંભળાવ્યું અને ખુલ્લા ચરણારવિંદમાં સોળ ચિહ્નોનાં દર્શન કરાવ્યાં. શ્રીજી મહારાજ પાસે કાળા કામળામાં વીંટેલ ભાગવતનો ગ્રંથ પડ્યો હતો પોતાના સંકલ્પો પૂરા થતા જોઈ લાડુદાનજી રાજી થઈ ગયા અને રાજકવિ મટીને મહારાજના સેવક બની ગયા. મહારાજે એક વખત દાદાની બહેનો ને સમજાવવા જવાની આજ્ઞા કરી. દાદાની એ બે બહેનો ગૃહસ્થાશ્રમમાં રહીને ત્યાગીના નિયમ પાળે છે તેથી અમારું ખોટું દેખાય છે તે માટે સમજાવવા મોકલ્યા. લાડુદાનજી તેમને ગૃહસ્થ ધર્મની વાતો સમજાવી તે સાંભળી બંને બહેનોએ રજોગુણ છોડીને સાત્વિક ભાવે ભગવાન ભજવાની વાત કરી. દેહની શોભા આત્મા વડે છે તે વાત ખૂબ માર્મિક રીતે સમજાવી. લાડુદાનજીને આ દિવ્યવાણીથી અંતરમાં ચોટ લાગી અને મહારાજ પાસે આવી વસ્ત્ર અલંકારો ઉતારી દીધાં અને પોતાને સાધુ બનાવવા વિનંતી કરી. મહારાજે તેમને દીક્ષા આપી તેઓ મહારાજને પોતાના રમૂજી સ્વભાવથી હંમેશા પ્રસન્ન રાખતા. તેથી મહારાજે તેમનું નામ 'બ્રહ્માનંદ' નામ પાડ્યું. આમ લાડુદાનમાંથી તેઓ બ્રહ્માનંદ બન્યા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સત્સંગમાં કોનું જીવન રંતિદેવ સમાન હતું ? (૮/૬૦)

જ. સત્સંગમાં આશાભાઈનું જીવન રંતિદેવ સમાન હતું.

૨. શ્રીજીમહારાજે વચનામૃત કા. ૩માં શુકમુનિની શી પ્રશંસા કરી છે ? (૩/૨૨)

આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી તેમનો ચઢતો ને ચઢતો રંગ છે, તે મંદ પડતો નથી.

૩. શ્રીજીમહારાજે માંગવાનું કહ્યું ત્યારે ઝીણાભાઈએ શું માગ્યું ? (૪/૨૯)

જ. સોરઠ દેશના સત્સંગીને માટે અહીં મંદિર કરો.

૪. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ માટે કયું ઔષધ તૈયાર કર્યું ? (૧/૮)

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ માટે સંજીવની ઔષધ તૈયાર કર્યું.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી (૨/૧૩)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) ફક્ત સાચા નંબરો | ૧ | ૩ | ૪ | ૭ | ૮ | ૧૦ |
| (૨) યથાર્થ ઘટનાક્રમ | ૩ | ૧૦ | ૧ | ૭ | ૮ | ૪ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો: જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ: ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી :** રસ્તામાં ધમડકામાં વિપ્ર ભટ્ટાચાર્ય પાસે સંસ્કૃત અને સંગીતની શિક્ષા લીધી. અહીં રામાનંદ સ્વામીનો મેળાપ થયો. આશીર્વાદ પામ્યા. (૧/૧)

૨. **ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ :** કેટલીય વાર જ્યારે ઝીણાભાઈ મનધાર્યું કરીને મહારાજને રાજી કરવા પ્રયત્ન કરતા, ત્યારે મહારાજ કહેતાઃ ‘રિસાઈને ભક્તિ કરે તે સારું નહિ અને તે ભક્તિ-પ્રેમ અંતે નભે પણ નહિ.’ (૪/૨૫)

૩. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :** વાત્સલ્યપૂર્ણ આ વચનોથી આશાભાઈનું અંતર ભેદાઈ ગયું ને દુઃખ દૂર થઈ જતું હોય તેવો ચમત્કારિક અનુભવ થયો. આશાભાઈએ આ આજ્ઞા શિર ઉપર ધારી. (૮/૫૫)

૪. **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી :** એક સમયે અક્ષર ઓરડીની ઓસરીમાં આખી રાત જાગીને શુકમુનિએ ચૌદ પાનાં લખ્યાં. સવારે મહારાજ પધાર્યા ને લખેલાં પાનાં હાથમાં લઈને એકદમ ફાડી નાખ્યાં. પછી ફળીમાં ફેંકી દીધાં. (૩/૧૯-૨૦)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

**૧. સંસ્કૃતિના આધારસ્તંભો - ‘શાસ્ત્રો’ : (૧)** સંસ્કૃતિના મુખ્ય ચાર આધારસ્તંભો મંદિર, મૂર્તિ, સંતો અને શાસ્ત્રો. **(૨)** કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિને ટકાવી રાખે - યહુદી પ્રજા આનું ઉત્તમ ઉદાહરણ. **(૩)** ભારત દેશ પર અનેક પ્રજાઓનાં આક્રમણ - છતાં ભારત અડીખમ - કારણ તેની સંસ્કૃતિને પોષતાં વિપુલ પ્રમાણમાં શાસ્ત્રો - ઉપનિષદ, ગીતા, ભાગવત, રામાયણ, વેદ વગેરે આપણાં શાસ્ત્રોએ આપણી સંસ્કૃતિનું પોષણ, સંવર્ધન અને રક્ષણ કર્યું છે. (પ્રસંગો લખવા) **(૪)** યહુદી પ્રજા પર આક્રમણો - પ્રજા વેરવિખેર - અન્ય દેશોમાં આશ્રય લીધો - પરંતુ શાસ્ત્રો આધારિત સંસ્કૃતિ - મૂલ્યો હતાં તો સંસ્કૃતિ ટકી રહી અને દેશને આઝાદી મળી. (વર્ણન કરી શકાય) **(૫)** શાસ્ત્રો દ્વારા વિધિનિષેધનું જ્ઞાન - નીતિમત્તા, પ્રામાણિકતા, ભગવાન અને સંતને રાજી કરવાનું જ્ઞાન - રાષ્ટ્રનો દરેક રીતે વિકાસ થાય તે અંગેનું જ્ઞાન - અને શાસ્ત્રોમાંથી તે જ્ઞાન દ્વારા જ સંસ્કૃતિનું પોષણ. (પ્રસંગો લખવા) **(૬)** સ્વામિનારાયણ સંપ્રદાયનાં શાસ્ત્રો - વચનામૃત સર્વ શાસ્ત્ર માત્રનો સાર - ભગવાન સ્વામિનારાયણના શ્રીમુખે ઉચ્ચારાયેલ ઉપદેશાત્મક વાણી - શિક્ષાપત્રી - શ્રીજીમહારાજનું વાણીમય સ્વરૂપ - આચારસંહિતા - નિયમપાલનથી આહારશુદ્ધિ - વ્યવહારશુદ્ધિ, સ્વચ્છતા, પ્રામાણિકતા સાથે આત્યંતિક કલ્યાણનું જ્ઞાન - આ ઉપરાંત સંપ્રદાયનાં અન્ય શાસ્ત્રોમાં ભગવાન અને સંતના મહિમાનું જ્ઞાન - આ બધું જ્ઞાન મેળવીને મુમુક્ષુઓ ભક્તો નીતિમત્તાથી સારું જીવન જીવે, ભક્તિ કરે અને રાષ્ટ્રની ઉન્નતિમાં પોતાનું પ્રદાન કરે - સંસ્કૃતિને ટકાવી રાખવાનું જ્ઞાન શાસ્ત્રોમાંથી મેળવી રાષ્ટ્રભક્તિ અદા કરી શકે. (પ્રસંગો) - ઉપસંહાર.

**૨. સેવા - રાજીપાનું ઉત્તમ સાધન : (૧)** સેવાનો મહિમા **(૨)** સેવાના પ્રકાર - મન, કર્મ અને વચને કરીને સેવા. મને કરીને ભગવાન અને સંતને નિર્દોષ જાણવા. કર્મ - ભગવાન અને સંતની આજ્ઞા મુજબ સત્સંગમય નિયમધર્મ યુક્ત જીવન. વચને કરીને ભગવાન અને સંતના ગુણો ગાવા અને સાંભળવા. **(૩)** શ્રીજીમહારાજ સ્વંય પૂર્ણ પુરુષોત્તમનારાયણ છતાં સેવકરામની સેવા - લોજમાં નિર્માની થઈને સેવા - સેવાનો ઉત્તમ આદર્શ - ગુણાતીત ગુરુથી લઈને વર્તમાનકાળે સ્વામીશ્રી દ્વારા ભગવાનની ગુરુની, સત્સંગની, સંસ્થાની, હરિભક્તોની સેવા - (આદર્શ સેવકો) (પ્રસંગો લખવા) **(૪)** સેવાથી લાભ : નિર્માનીપણું આવે - દેહાભિમાન ઘસાય - અંતઃકરણની મલિન વાસનાનો નાશ (ગ.મ.૨૫) વચનામૃતના સંદર્ભો શ્લોક સાખી કીર્તન લખી શકાય. **(૫)** મહિમાથી સેવા કરે, ભગવાન અને સંતનો રાજીપો મળે (પ્રસંગો) તેથી જ મહિમાથી સેવા કરવી, વેઠ ન માનવી. પરમ ભાગ્ય માનીને સેવા - મોટા પુણ્યવાળાને જ ભગવાન અને સંતની સેવા મળે છે. રાજી-ખુશીથી સેવાની તક ઝડપી લેવી. શ્રદ્ધાથી સેવા કરવી. જેણે આ રીતે મહિમાથી સેવા કરી તેના દોષો નાશ પામી ગયા. (સંતો-ભક્તોના પ્રસંગો લખવા) **(૬)** ઉપર મુજબ મહિમાથી સેવા તે જ ભગવાન અને સંતના રાજીપાનું ઉત્તમ સાધન. - ઉપસંહાર.

**૩. આદિવાસીઓના જીવન ઘડતરમાં બી.એ.પી.એસ. : (૧)** શ્રીજીમહારાજનો સંકલ્પ સૌનું કલ્યાણ કરવું - સહજાનંદરૂપી સૂર્ય (સૌનું કલ્યાણ કરવું છે) વગડાના વાઘરી - શ્રીજીમહારાજની સનાતન રીત પ્રમુખસ્વામીએ ચાલુ રાખી. **(૨)** જેમ શિલ્પકાર ટાંકણું લઈને પથ્થરને નાજુક ટચકા મારીને મૂર્તિ બનાવે તેમ પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આદિવાસી પ્રજાનું ઘડતર કર્યું છે. **(૩)** આદિવાસી વિસ્તારોમાં દરેક ઝૂંપડામાં, કૂબામાં અરે, દરેક વ્યક્તિએ વ્યક્તિએ સંતોના સહકારથી ટાંકણા વડે ચૈતન્ય મંદિરો ઘડ્યાં છે. **(૪)** દારૂ, જુગાર, તાડી અને માંસાહાર અને વહેમ, અંધશ્રધ્ધાથી ખદબદતું દુર્ગંધ મારતું આદિવાસી પ્રજાનું જીવન - ખર્ચાળ વ્યસનોના કારણે ગરીબી - પશુથી બદતર જીવન, પશુઓના ટૂકડા કરી દેવદેવીઓને ભોગ ચઢાવવો એવું પાપયુક્ત જીવન - આવું નિહાળી સ્વામીશ્રીની અનુકંપા - આ પ્રજાનું ઘડતર કરવા સ્વામીશ્રીની કાર્યશક્તિ, કર્મઠતાએ જોર પકડ્યું - સંતોને સાથે લઈ વિચરણ - અનેક વિસ્તારોમાં ઘૂમીને પુષ્કળ અગવડો વેઠીને આ પ્રજાને સંસ્કારયુક્ત કરવા સંકલ્પ કર્યાં. આજ્ઞાપાલક અને સત્યનિષ્ઠ સંતોએ સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કરવા માટે થાક અને અગવડોને ન ગણકારી ખૂબ દાખડો કર્યો. (દારૂ, માંસ ખાતા હોય તે પ્રસંગો) **(૫)** સંતોની સાથે સંનિષ્ઠ કાર્યકરો પણ સ્વામીશ્રીના આ યજ્ઞમાં જોડાયા - કોઈને સ્વામીશ્રીના દર્શન સમૈયા પર ગયા હોય અને થયાં હોય - કોઈને રવિસભામાંથી પ્રેરણા મળી - સંનિષ્ઠ કાર્યકરો, સંતો અને સ્વામીશ્રીના સ્નેહ સામે આ પ્રજા ઝૂકી ગઈ. - વ્યસનો મૂક્યા - માંસાહાર મૂક્યો. **(૬)** ભૂવા-જાગરિયાની મેલી વિદ્યાની નાગચૂડમાંથી આ પ્રજા બહાર આવી - મેલી વિદ્યાના અગ્રેસરો જ પૈસા કમાવવા માટે આ પ્રજાને વહેમમાં ધકેલી પૈસા કમાઈ લેતા (પ્રસંગો) ચાણસદ મંદિર મૂર્તિપ્રતિષ્ઠાનાં આ અગ્રેસર ભૂવાનું જીવન પરિવર્તન - સત્સંગી થયા. આ સિવાય અનેક લોકોને વહેમમાંથી બહાર લાવ્યા. (પ્રસંગો) **(૭)** જડ અને જંગાલિયત ભરેલ ટોળાની વચ્ચેથી સંનિષ્ઠ કાર્યકરોને બચવું મુશ્કેલ પડતું તેવા પ્રસંગે પણ સ્વામીશ્રીએ તેઓની રક્ષા કરી. (પ્રસંગો) **(૮)** સંતો અને કાર્યકરોના સતત પુરુષાર્થથી આખા આદિવાસી પરિવારો જ નહિ ક્યાંક આખા ગામોનું આમૂલ પરિવર્તન થયું - આખા ગામને એક પવિત્ર ચેતના મળી - ગામોમાં બાળમંડળ, મહિલા મંડળ, સત્સંગ પ્રવૃત્તિ, સત્સંગ મંડળો સ્થાપ્યા. - ગામોમાં દરેક ઘરોમાં આરતીના ઘંટારવ ગુંજવા લાગ્યા - પૂજા, ઘરસભા - સંસ્કારધામો, કુટિર મંદિરોનું નિર્માણ - વ્યસન અને વહેમ રહિત પ્રજા પ્રામાણિક, નીતિયુક્ત પવિત્ર શુદ્ધ જીવન જીવવા લાગી - હિંસાનો વિચાર જ નેસ્તનાબૂદ થઈ ગયો. બેંકમાંથી ૧૦,૦૦૦ રૂા. વધારે મળ્યા તો તે ભાઈએ પરત કર્યાં. - આદિવાસીઓમાં આવાં વિશુદ્ધ જીવન અને તેમનું ઘડતર - તેમનો ભૂતકાળ અને વર્તમાન કાળ અને તેમનું ઘડતર કેવું થયું છે તે કહી જાય છે અને ભવિષ્યમાં આ જીવન ઘડતર કેટલું આગળ પહોંચશે તે તો ભવિષ્ય જ કહેશે. આમ, સ્વામીશ્રી દ્વારા આદિવાસી પ્રજાનું જીવન ઘડતર થયું છે અને અનેક ચૈતન્ય મંદિરો તૈયાર થયાં છે તે બધો યશ સ્વામીશ્રી અને સંસ્થાને જાય છે. - ઉપસંહાર.

❑ ❑ ❑